સામેરી- શુભમતિ હવે સાંભળો, એક ઉત્તર દિશે અદ્રિ કહીએ ।
અતિસુંદર શિખરી જેનું, નામ હિમાચળ લહીએ ॥૧॥
સુંદર ગેહેરી ગુફાઉં જેમાં, સદન સરિખી શોભે ઘણી ।
તેમાં દીપક સમ શોભે, શ્રેણી ઘણી મણિતણી ॥૨॥
રજત સમ રળિયામણો, વળી ક્યાંક શ્યામવર્ણ સહી ।
સુમેરુ સરખી શિખર્યું જેની, વિચિત્ર પેર્યે વિલસી રહી ॥૩॥
સહુ દિશે ચાલે અતિ, નદીરૂપ નિઝરણાં ।
લેરી તરંગે આવૃત જેનાં, સુંદર જળ શોભે ઘણાં ॥૪॥
તિયાં વૃક્ષવિવિધ જાત્યનાં, સુણો નામ સહુ તેહતણાં ।
અંબ કદંબ અનાર આસુ, તાલ તમાલ ત્યાં ઘણાં ॥૫॥
પારિજાતક પિપર પિપ્પળા, પિલુ પનસ ને પુનાગરી ।
પાડળ મિંડળ બેડાં મૌડાં, બિલાં બિજોરાં બોરસરી ॥૬॥
ગર્માલ ગુંદી ગુવાક ગુલછા, ગુલબાસ સાલર સર્ગવા ।
સર્શ શિશમ સાગ સરલા, સીતાફળી સોપારી હવા ॥૭॥
શાલમલી ને શેમલ શમડા, અમરવડ ઉદંબરા ।

કોઠ કોઠવડી કર્ણાવર્ણ, ખેર ખાખર ખજૂર ખરા ॥૮॥
અરિઠાં ને અંજીર આંબલી, રૂડી રાણય ને રોહિડા ।
કર્મદી ને કર્મકેતકી, કેસર કણિયર કેવડા ॥૯॥
કર્ણી અર્ણી ચંપક ચંદન, સુખડ દાડચમ સોયામણી ।
લિંબ લિંબોઈ હરડા ધવડા, જેઠી મજેઠી જોરબણી ॥૧૦॥
જામફળી બદામ જાંબુ, આમલિયો ઓપે સહી ।
તરલા અરલા તિંતિડી, નાળીયેરી ને કેળી કહી ॥૧૧॥
વગરાગ મંદરા વિકળા, આલ્ય આસોંદરા રોહિણી ।
વૃંદા આદિ વનવૃક્ષની, જાત્ય નવ જાય ગણી ॥૧૨॥
બોરડી સવન શિશમડી, રકતપતિ ને રતાંજળી ।
વેણુ આદિ અનેક વિટપે, હિમગિરિ શોભે વળી ॥૧૩॥
દ્રાક્ષ ખારેક ખજૂર ઈક્ષુ, જાયફળ લવિંગ લતા ।
એલચીને નાગરવેલી, પુષ્પ સોરંગે શોભતા ॥૧૪॥
ડોલરિયા ગુલાબ ગેરા, વાસ સુવાસે સેવતી ।
જાઈ જુઈ જયાં જૂથિકા, માધવી મલ્લિકા માલતી ॥૧૫॥
કુંદ કેસર કેશુ કુંભી, ગુલદાવદિ ને ગદ્ધુલિયાં ।
ચંપા ચમેલી આદિ અનેક, ફૂલ બહુ ફૂલી રયાં ॥૧૬॥
કંદ મૂળ રસાળ કોમળ, જેને જે જોયે તેહ જમે ।
અતિ રસાળ ફળ વિશાળ, સુંદર મળે સર્વે સમે ॥૧૭॥
શરભ સિંહ શંશા શેમર, કપિ કુરંગ ને કુરભિ ।
ચિત માતંગ વરાહ મહિષા, શોભે રોઝ ને સુરભિ ॥૧૮॥
કરી કેસરી વાઘ વાનર, સિંહ સુરભિ ભેળાં રમે ।
સહજ વૈર જેને સદા, તે કોઈ કેને નવ દમે ॥૧૯॥
શુક સારસ હંસ મેના, કોકિલા કિલોલ કરે ।
મોર ચકોર ચાતક ચકવા, નીલકંઠ હરિ ઓચરે ॥૨૦॥
ચાતક વૈતક ઢોલર ઢેલ્યું, લેલાં હોલાં ને લાવરાં ।
કલંગ કુંઝિ કાક કાબર, બટ ભ્રમર તમ સુઘરાં ॥૨૧॥

સુંદર વાણીએ સર્વે બોલે, વૃક્ષ પર વિહંગ ચડી ।
અતિ અતોલ થાય કિલોલ, જાણું વન કરે છે વાતડી ॥૨૨॥
મંદ સુગંધ શીતળ વાયુ, વહે સુંદર એ વનમાં ।
સ્પર્શ તેનો પામતાં, શીતળ થાય તનમાં ॥૨૩॥
પંખી હિલોલા કરે કિલોલા, ગેહેરે શબ્દે ગેકી રિયાં ।
જાણું નૃત્યક નૃત્ય ભેદે, તાને ગાન ગાય તિયાં ॥૨૪॥
પરસ્પર પવન યોગે, ચાલે વિટપની ડાળિયો ।
તેમાં રવ રૂડા કરે, કોયલો રૂપાળિયો ॥૨૫॥
પંખી શબ્દે સાદ કરે, દ્રુમલતાકર કહે ઋષિ ।
કંદમૂળ ફળ ફૂલ સુંદર, આવો જમી થાઓ ખુશી ॥૨૬॥
વળી એવા એ અદ્રિમાં, નદી નિગમની ધ્વનિ ઘણી ।
ગજ ઈંડજ ગાંધર્વ ગાને, શોભા નવ્ય જાય ભણી ॥૨૭॥
રૂડા રત્ન હીરા મણિ, ઘણી ખાણ્યો એ ગિરિમાંય છે ।
શિવ બ્રહ્માદિક દેવે સેવ્યો, વળી સર્વે શિખરીનો રાય છે ॥૨૮॥
વળી બ્રહ્મલોકથી ઉતરી, સપ્ત ધારા એ ગંગા સ્રવી ।
તેનાં નામ સુણો સહુ, કહું વિવેકે વળી વર્ણવી ॥૨૯॥
વસ્વૌકસારા નલિની, પાવની વળી સરસ્વતી ।
જંબુ સીતા ગંગા સિંધુ, એ સપ્ત ધારા ઉત્તમ અતિ ॥૩૦॥
પુણ્ય પવિત્ર સરિતા સુંદર, ગંગા ગેહેરી જ્યાં વહે ।
જે જન નાય તે શુદ્ધ થાય, પાપ તાપ તે નવ રહે ॥૩૧॥
એવા ગિરિમાં નરનારાયણ, બેઠા બેઉ બદ્રિતળે ।
સુખકંદ પૂરણચંદ, ઝાઝે તેજે ઝળમળે ॥૩૨॥
મુનિવૃંદ આનંદકંદ, આગળ્યે બેઠા બહુ ।
નારાયણના મુખથી, સુંદર કથા સુણે સહુ ॥૩૩॥
એવા સમામાં આવિયા, ઋષિ બીજા બહુ મળી ।
તીરથરત એ આશ્રમે, આવિયા મુનિ મળી ॥૩૪॥
નરનારાયણ નિરખવા, જેને હૈયે ઘણી હામ છે ।

સંક્ષેપે કહું સાંભળો, જેહ એ મુનિનાં નામ છે ॥૩૫॥
મોટા મોટા મુનિ મળી, આવ્યા આશ્રમ એહમાં ।
તેનાં નામ સાંભળજયો, સહુ જન સનેહમાં ॥૩૬॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે હિમાદ્રિ વર્ણન
નામે ચોથું પ્રકરણમ્ ॥૪॥